કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૪૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત-૩૯૫ ૦૦૧

નંબર : ૫૬૧૮ | તા.: ૧ - ૧૦-૨૦૧૮

પ્રતિ
મે.નાયબ કલેકટરશ્રી,
મધ્યાહન ભોજન યોજના,
સુરત મહાનગરપાલિકા,સુરત

વિષયઃ– તા.૨/૧૦/૧૮ના રોજ તમામ શાળાઓમાં મધ્યાહન ભોજન પુરું પાડવા બાબત
સંદર્ભઃ–માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,નિયામકશ્રીની શાળાઓની કચેરી તેમજ નિયામકશ્રી જી.સી.આર.ટી.–ગાંધીનગર સંયુકત પત્રક્રમાંકઃજીસીઈઆરટી/કલાઉત્સવ/૨૧૦૭૦–૨૧૧૬૦/ ૨૦૧૮ તા.૧૪/૯/૧૮ અને પત્ર ક્રમાંકઃજીસીઈઆરટી/ગાંધીજયંતિ/૨૧૫૨૯–૨૧૬૦૯/૨૦૧૮ તા.૧૭/૯/૨૦૧૮

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે,મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે વિવિદ કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવા તા.૨/૧૦/૧૮નાં રોજ તમામ શાળાઓ ચાલુ રાખવા માટે અત્રેની કચેરીના પત્રનંબર–૫૬૦૬ તા.૧/૧૦/૧૮થી શાળાઓને જાણ કરવામાં આવેલ છે.જેથી તા.૨/૧૦/૧૮ના રોજ તમામ શાળાઓમાં મધ્યાહન ભોજન ધોરણ–૬ થી ૮ના બાળકોને આપવા અક્ષયપાત્ર ફાઉડેશનને લેખિત જાણ કરવા વિનંતી છે.આ સાથે તમામ શાળાઓ શાળા ચાલુ રાખવા માટે જાણ કરવામાં આવેલ પત્રની નકલ સામેલ છે.

સહકારની અપેક્ષા સહ

શાસનાધિકરી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ રવાનાઃ–પ્રતિ,
અક્ષયપાત્ર ફાઉડેશન,
ડુંભાલ,સુરત તરફ ઉપરોકત સંદર્ભપત્ર મુજબ તા.૨/૧૦/૧૮ના રોજ તમામ શાળાઓ ચાલુ હોવાથી મધ્યાહન ભોજન પુરું પાડવા સારું.

કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨
ઈ-મેઈલ :- info@msbsurat.i
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.or

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

નંબર:-૫૬૦૯

તા.૦૧/૧૦/૨૦૧૮

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી
તમામ શાળા.

વિષય :- મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીનાં ભાગરૂપે વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવા તેમજ તા.૦૨/૧૦/૨૦૧૮ નાં રોજ તમામ શાળાઓ ચાલુ રાખવા બાબત..

સંદર્ભ :- (૧) માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, નિયામકશ્રીની શાળાઓની કચેરી તેમજ નિયામકશ્રી જી.સી.આર.ટી. – ગાંધીનગર સંયુક્ત પત્ર ક્રમાંક :- જીસીઈઆરટી/કલાઉત્સવ/ ૨૧૦૭૦- ૨૧૧૬૦/૨૦૧૮, તા.૧૪/૦૯/૨૦૧૮ અને પત્ર ક્રમાંક જીસીઈઆરટી/ગાંધીજયંતિ/૨૧૫૨૯-૨૧૬૦૯/ ૨૦૧૮, તા.૧૭/૦૯/૨૦૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં :- ૫૫૬૭ તા. ૨૮/૦૯/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભો અન્વયે જણાવવાનુ કે સંદર્ભ દર્શિત પત્રોથી રાજ્યમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કાર્યક્રમનાં ભાગરૂપે મહાત્મા ગાંધીજીનાં આદર્શો, વિચારો અને મૂલ્યનો આવનારી પેઢીમાં અસરકારક રીતે પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી તા.૦૨/૧૦/૨૦૧૮નાં રોજ જિલ્લાની તમામ શાળાઓ ચાલુ રાખી નીચે દર્શાવ્યા મુજબનાં કાર્યક્રમો કરવાનાં રહેશે.

ઉક્ત ઉજવણી ભાગરૂપે તા.૦૨/૧૦/૨૦૧૮નાં રોજ તમામ શાળાઓનો સમય સવારના ૦૭:૦૦ થી ૧૨:૦૦ કલાકનો રાખવાનો રહેશે. ધો.૧થી૮નાં તમામ શિક્ષકોએ હાજર રહેવાનુ રહેશે તથા ધો. ૬ થી ૮ નાં તમામ વિદ્યાર્થીઓને હાજર રાખવાનાં રહેશે. (નોંધ :- આ કાર્યક્રમ જાહેર રજાનાં દિને હોય શાળાનાં તમામ હાજર શિક્ષકોને શૈક્ષણિક કાર્ય પર અસર ન પડે તે રીતે દિન એકની વળતર રજા શાળા કક્ષાએથી આપવાની રહેશે.)

-:: કાર્યક્રમોની સૂચિ ::-

| તારીખ | કાર્યક્રમની વિગત | સમય/ભાગ લેનાર |
|---|---|---|
| તા.૦૨/૧૦/૨૦૧૮ | • પ્રભાત ફેરી | ૦૭:૦૦ થી ૦૮:૦૦ (શાળાનાં તમામ વિદ્યાર્થીઓ / સ્ટાફ એસ.એમ.સી. સભ્યો) |
| | • સર્વધર્મ પ્રાર્થના | ૦૮:૦૦ થી ૦૯:૦૦ (તમામ) |
| | • મહાત્મા ગાંધીજીનાં વિચારોનું વાંચન (કોઈ પ્રવચન નહિં) | ૦૯:૦૦ થી ૧૦:૦૦ |
| | • ગાંધી ગીતો / ભજનો | ૧૦:૦૦ થી ૧૦:૪૫ |
| તા.૦૪/૧૦/૨૦૧૮ | • ચિત્રકલા / કાવ્ય / નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા | ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ (શાળા કક્ષાએ) |

તા.૦૨/૧૦/૨૦૧૮ નાં રોજ શાળાનાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વચ્છતા પખવાડા દરમ્યાન સફાઈ કરેલ શહેરનાં સૌથી ગંદા વિસ્તારની મુલાકાત લઈ આ વિસ્તારો કાયમી સ્વચ્છ રહે તે માટેનાં સંદેશ આ વિસ્તારોનાં રહીશોનાં સમજાવી અંગેનાં કાર્યક્રમ યોજવાના રહેશે. આ અંગેનો વિગતવાર અહેવાલ સી.આર.સી મારફત યુ.આર.સીને અને યુ.આર.સી મારફત અત્રે મોકલવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત